# જિલ્લામાં વધુ ૨૦ કેસ સાથે કુલ ૪૨૧

## આજે ૩ દર્દીના સારવાર દરમિયાન મોત નીપજ્યા : જિલ્લામાં શોકની લાગણી પ્રસરી

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લામાં આજે વધુ ૨૦ કેસ કોરોના પોઝિટીવના નોંધાવા સાથે જિલ્લાના કુલ કેસોની સંખ્યા ૪૨૧ થવા પામી છે. કોરોનાની સારવાર દરમિયાન આજે દર્દીના મોત થતાં જિલ્લામાં મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૧૯ થઈ છે.

જિલ્લામાં આજે ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ કેસ નવા નોંધાયા છે. જ્યારે શહેરી વિસ્તારમાં વધુ ૩ કેસ નોંધાયા છે.

જિલ્લામાં કોરોનાના કેસોની સંખ્યામાં સતત થઈ રહેલા વધારાથી તંત્રની ચિંતામાં વધારો થવા પામ્યો છે. શહેર અને ગ્રામ્ય વિસ્તારોમાં નવા વિસ્તારોમાંથી જ કેસો મળી રહ્યા છે.

જિલ્લામાં આજે ૩ દર્દીના સારવાર દરમિયાન મોત નીપજ્યા છે. જેમાં બે દર્દી ગ્રામ્ય વિસ્તારના છે તો એક દર્દી ગાંધીનગર શહેરના છે. બે પુરુષ દર્દી અને ૧ મહિલા દર્દીનું સારવાર દરમિયાન મોત નીપજ્યું છે.

જિલ્લામાં સારવાર દરમિયાન ૩ દર્દીના મોત થયાના સમાચારથી જિલ્લામાં શોકની લાગણી પ્રસરી જવા પામી છે.

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારના દર્દીઓનો મૃત્યુ આંક ૧૬ થયો છે. જ્યારે ગાંધીનગર શહેરમાં ૩ દર્દીઓના સારવાર દરમિયાન મોત નીપજ્યા છે.

જે દર્દીઓના સારવાર દરમિયાન મૃત્યુ થયા છે તેમાં મોટા ભાગના દર્દીઓ અન્ય બિમારીઓથી પિડાતા જણાયા છે.

જિલ્લામાં આજે વધુ સાત દર્દીઓ રિકવર થતાં તેમને હોસ્પિટલમાંથી ડિસ્ચાર્જ પણ આપવામાં આવેલ છે.

જિલ્લામાં રિકવરી રેટમાં સારો એવો સુધારો જોવા મળ્યો છે. જોકે મૃત્યુ દર પણ લગભગ ૪ ટકાની આસપાસ રહેતો હોવાથી તંત્રમાં ચિંતાની લાગણી વ્યાપેલી જોવા મળી રહી છે.

જિલ્લામાં સર્વેલન્સની કામગીરી સઘન કરવા ઉપરાંત અનલોક-૧માં લોકોને મુશ્કેલી ના પડે તે માટે માઈક્રો કન્ટેન્મેન્ટ ઝોન અમલી બનાવવામાં આવ્યા છે.

અનલોક-૧ના અમલ પછી જિલ્લામાં જનજીવન ધબકતું જરૂર થયું છે પણ સોશિયલ ડિસ્ટન્સીંગને લઈ લોકોમાં હજુ જોઈએ તેટલી જાગૃત્તિ આવી નથી.

# જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં ૧૭ કેસ

ગાંધીનગર, તા. ૭

ગાંધીનગર જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં આજે ૧૭ કેસ કોરોના પોઝિટીવના મળી આવ્યા છે. જ્યારે સારવાર દરમિયાન બે દર્દીના મૃત્યુ થયા છે.

### વધુ બે દર્દીના સારવાર દરમિયાન મોત નીપજ્યા : જિલ્લાનો મૃત્યુ આંક ૧૬ થયો : કલોલ - ગાંધીનગરના કેસો ૧૦૦ની નજીક

જિલ્લાના ગ્રામ્ય વિસ્તારમાં નોંધાયેલા કેસોનો મૃત્યુ આંક ૧૬ પર પહોંચ્યો છે. આજે કલોલ અર્બન વિસ્તારના એક પુરુષ દર્દીનું સારવાર દરમિયાન મોત થયું છે.

આ ઉપરાંત માણસા તાલુકાના દેલવાડા ગામના એક વૃદ્ધનું પણ સિવિલ હોસ્પિટલ ખાતે સારવાર દરમિયાન મોત થયું છે.

જિલ્લામાં અત્યાર સુધીમાં કોરોનાની સારવાર દરમિયાન ગાંધીનગર તાલુકાના ૬ દર્દી, દહેગામના ૪ દર્દી, માણસામાં એક દર્દી તેમજ કલોલના ૫ દર્દીના મોત થયાં છે.

જિલ્લામાં મૃત્યુ દર પાંચ ટકાની આસપાસ થવા જાય છે. જિલ્લામાં મૃત્યુ દર વધ્યો છે. જોકે રિકવરી રેટમાં પણ નવી ડિસ્ચાર્જ પોલીસી અમલમાં આવ્યા પછી સારો એવો વધારો થવા પામ્યો છે. જે લગભગ ૪૬ ટકાથી વધુ થવા જાય છે.

જિલ્લામાં કો-મોર્બીડ દર્દીઓની સંખ્યા પણ વધતી જાય છે. જે તંત્રની ચિંતાનો વિષય છે.

આજે નોંધાયેલા કેસોમાં ૦૬ સ્ત્રી અને ૧૧ પુરુષ દર્દીનો સમાવેશ થાય છે. ગાંધીનગર તાલુકામાં પાંચ, માણસામાં ૪, દહેગામમાં ૪ કેસ અને કલોલમાં ૭ કેસ આજે મળી આવ્યા છે.

માણસા તાલુકાના વેડા ગામેથી એક બે વર્ષના બાળકનો

### જિલ્લામાં ક્યાં કેટલા કેસ

| | |
|---|---|
| ગાંધીનગર શહેર | : સેક્ટર-૨૩, સેક્ટર-૪/સી અને સેક્ટર-૨૮ |
| ગાંધીનગર ગ્રામ્ય | : પેથાપુર, શેરથા, મોટા ચિલોડા, નાના ચિલોડા, કુડાસણ |
| દહેગામ | : દહેગામ અર્બન-૧ |
| કલોલ | : કલોલ અર્બન-૧ - ૨ કેસ<br>કલોલ અર્બન-૨ - ૪ કેસ<br>બોરીસણા - ૧ |
| માણસા | : વેડા-૧, બાપુપુરા-૧, બોરુ-૧, દેલવાડા-૧ |

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં નવા ૩ કેસ

### સેક્ટર-૨૪, સે.૪સી અને સે.૨૮માંથી કેસો મળ્યા

### શહેરમાં એક વૃદ્ધાનું સારવાર દરમિયાન મોત : મૃત્યુઆંક શહેરનો ૩ થયો : ૪૦૦થી વધુ લોકો ક્વોરોન્ટાઈન હેઠળ

ગાંધીનગર, તા.૭

ગાંધીનગર શહેરમાં આજે કોરોના પોઝિટિવના વધુ ૩ કેસ નોંધાયા છે. જોકે એક મહિલા દર્દીનું આજે સારવાર દરમિયાન મૃત્યુ નોંધાયું છે.

શહેરમાં કોરોનાની સારવાર દરમિયાન મૃત્યુ પામનાર દર્દીઓની સંખ્યા ૩ થઈ છે. સે.૭એની વૃદ્ધાનું ગઈકાલે મોડીરાત્રે સારવાર દરમિયાન મૃત્યુ થયું છે. મહિલા કોરોના ઉપરાંત અન્ય બિમારીથી પણ પિડીત હોવાનું જાણવા મળેલ છે. આ પહેલા સે.૨૯ના એક વૃદ્ધ તેમજ સે.૨૪ની એક યુવતીનું અવસાન સારવાર દરમિયાન થયું હતું.

શહેરમાં આજે કોરોનાના નવા ૩ કેસ નોંધાયા છે. મળતી વિગતો પ્રમાણે સે.૨૪ના ડબલ ડેકરમાં રહેતી ૨૬ વર્ષીય મહિલાનો રિપોર્ટ પોઝિટિવ આવેલ છે. આ મહિલા સે.૧૧માં ખાનગી સંસ્થામાં નોકરી કરતી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# ગાંધીનગર-અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા શરૂ કરવા માંગણી

### કન્ટેનમેન્ટ ઝોન સિવાયના વિસ્તારમાં બસસેવા ચાલુ કરવી જાઇએ : નોકરીયાત કાર કે કેબના સહારે અપડાઉન કરી રહ્યા છે : ગાંધીનગર ભાભર વચ્ચે આજે બપોરથી નવી બસ શરૂ કરાઇ

ગાંધીનગર તા ૭

ગાંધીનગર અમદાવાદ વચ્ચેની શહેરી બસ સેવા છેલ્લા દોઢ મહીનાથી બંધ છે.જયારે કર્મચારીઓ માટે પોઈન્ટની બસ સેવા શરૂ કરવામાં આવી છે. પરંતુ જયારે અનલોક વનના અંતે વેપાર ધંધા ખુલતા અપડાઉન કર્તાઓની સંખ્યા પણ વધી છે. આવા સંજોગોમાં શહેરી બસ સેવા પણ શરૂ કરવામાં આવે તેવી પ્રબળ માંગ ઉઠવા પામી છે. ગાંધીનગર ડેપોથી બપોરે ભાભરના રૂટની પણ

● અનુસંધાન પાન-૭ પર

# શહેરમાં વરસાદના હળવા ઝાપટાથી ઠંડક

### આકાશમાં વાદળોનો ઘેરાવ : છેલ્લા ચાર પાંચ દિવસથી મહત્તમ તાપમાન ૩૭ ડીગ્રીની આસપાસ રહેતા નગરજનોને ગરમીમાં રાહત : બે દિવસ વરસાદ આવવાની સંભાવના


ગાંધીનગર તા ૭

શહેરમાં છેલ્લા બે ત્રણ દિવસથી માસમનો મિજાજ બદલાયેલો છે. પ્રિ મોન્સુન એકટીવીટીના લીધે આકાશમાં વરસાદી વાદળો ઘેરાયેલા જોવા મળે છે. બદલાયેલા આકાશી નઝારા વચ્ચે ગરમીનો પારો ૪૦ ડીગ્રીની નીચે ઉતરી ગયો છે. રાત્રિના સમયે પણ વરસાદી વાયરો અનુભવતા નાગરિકો વાતાવરણમાં ઠંડક અનુભવી રહ્યા છે. જયારે આજે વહેલી સવારે પણ વરસાદના છાંટણા વરસતા ભીંજારાનો માહોલ જોવા મળ્યો હતો. આગામી બે ત્રણ દિવસ વરસાદ આવે તેવી સંભાવના પણ હવામાન વિભાગે વ્યકત કરી છે.

ગાંધીનગરમાં પણ છેલ્લા બે દિવસથી વાતાવરણ પલ્ટાની અસર જોવા મળી રહી છે. સમગ્ર રાજયમાં છેલ્લા કેટલાક દિવસોથી વરસાદી વાયરો ફુંકાઇ રહ્યો છે. જયારે આજે પણ સૌરાષ્ટ્ર સહીતના કેટલાક વિસ્તારમાં ધોધમાર વરસાદ વરસ્યો હતો. ગાંધીનગરમાં હજુ ધોધમાર વરસાદ આવ્યો નથી પરંતુ પ્રિમોન્સુન એકટીવીટીના ભાગરૂપે બદલાતા મોસમના મિજાજ સાથે વરસાદી વાયરો રોજ ફુંકાય છે. જયારે બે દિવસથી વરસાદ હળવા ઝાપટા વરસાવી ભીંજારાની મોસમ નજીકમાં હોય તેનો અહેસાસ પણ કરાવી જાય છે.

● અનુસંધાન પાન-૭ પર

# ૧૦૦ વર્ષ પહેલા અને આજે...














ઈતિહાસનું પુનરાવર્તન - આજથી ૧૦૨ વર્ષ પહેલા એટલે કે ૧૯૧૮માં ફ્લુની મહામારીના સંક્રમણથી દુનિયા આખી હચમચી ગઈ હતી... એજ માસ્ક, એજ લોકડાઉન, અને એજ ક્વૉરોન્ટાઈન.... ૨૦૨૦માં કોરોના વાયરસના સંક્રમણના પગલે પુનરાવર્તિત થઈ રહ્યું છે... અહીં ૧૦૨ વર્ષ પહેલાની ફાઈલ તસવીરો અને છેલ્લા ૧૫ દિવસની ગાંધીનગરની તસવીરો તુલનાત્મક રીતે પ્રસ્તુત કરાઈ છે...

# કોરોનાથી ડરો નહીં, લડો નહીં પરંતુ રક્ષાત્મક પગલાંને જીવનનો ભાગ બનાવો

### રાજ્ય સરકારે બનાવેલી ડોક્ટરોની પેનલનો અભિપ્રાય છે કે શરીરમાં ઓક્સિજનનું પ્રમાણ ઓછું થાય ત્યારે ડોક્ટરનો સંપર્ક કરવો જોઇએ, વિટામીન-સી, ડી અને ઝીંક રક્ષણ આપશે

ગાંધીનગર, તા.૭

કોવિડ-૧૯ ના અતિક્રમણ બાદ આ રોગ સાથે કેવી રીતે જીવિ શકાય તે માટે ગુજરાત સરકારના આરોગ્ય વિભાગ દ્વારા માત્ર



રાજ્યમાં જ નહી પરંતુ રાષ્ટ્રીય અને આંતરરાષ્ટ્રીય ખ્યાતી પ્રાપ્ત કેટલાક તજજ્ઞ તબીબોની એક સલાહકાર સમિતિનું ગઠન કર્યુ છે. આ તબીબો ડો.આર.કે.પટેલ, નિયામક શ્રી, યુ.એન.મહેતા હાર્ટ હોસ્પિટલ ડો. તેજસ પટેલ,જાણિતા હૃદય રોગ નિષ્ણાંત, ડો.પંકજ શાહ, પૂર્વ નિયામક, ગુજરાત કેન્સર રિસર્ચ ઈન્સ્ટિટ્યુટ અમદાવાદ, ડો. દિલિપ માવલંકર, પબ્લિક હેલ્થના તજજ્ઞ અને આઈ.આઈ.એમના પૂર્વ પ્રાધ્યાપક, ડો. મહર્ષિ દેશાઈ, સ્પેક્ટ્રમ ક્રિટિકલ કેર, ક્રિટિકલ કેર એપોલો હોસ્પિટલ, ડો. વીએન. શાહ, જાણિતા, એન્ડોક્રાઈનોલોજિસ્ટ અને ઝાયડસ હોસ્પિટલના સ્થાપક, ડો. અમી પરિખ, પ્રોફેસર અને હેડ, એસ.વી.પી. હોસ્પિટલ, તથા ડો. અતુલ પટેલ, ચેપી રોગના નિષ્ણાંતનો સમાવેશ થાય છે.

### રાજ્યમાં કોરોના સામે વ્યુહરચના અમલીકરણ અને દેખરેખ માટે બનાવાયેલા 'એક્સપર્ટ ગ્રુપ ઓફ ડોક્ટર્સ'નો મિડિયા સાથે સંવાદ

આ તમામ તજજ્ઞ તબોની ઉપસ્થિતિમાં રાજયના અગ્ર સચિવ (આરોગ્ય) ડો. જયંતિ રવિ દ્વારા આજે ગાંધીનગર ખાતે એક મિડિયા સંવાદ યોજાયો હતો જેનો મુખ્ય ઉદેશ્ય કોરોના સાથે કઈ રીતે જીવિ શકાય તથા રાજ્યમાં કોરોનાના કારણે થયેલા મૃત્યુ, કરોનાની સારવાર અને પ્રોટોકોલ તેમ કોરોનાથી બચવા શુ કરવુ અને શુ ન કરવુ જોઈએ ? તેની સાચી અને વૈજ્ઞાનિક માહિતિ મળી રહે તે અંગેનો હતો.

આ તમામ તબીબોએ તબક્કાવાર ઉક્ત તમામ વિષય પર વિસ્તૃત ચર્ચા કરી સામાન્ય વ્યક્તિના મનમાં ઉદભવતા કોરોનાના પ્રશ્નોની ઝીણવટભરી માહિતી આપી. ડેથ અને મોર્ટાલીટી વિષય પર બોલતા ડૉ. તેજસ પટેલ અને ડૉ. મહર્ષિ દેસાઈએ જણાવ્યું હતું કે આજે દુનીયાના આશરે ૨૦૦ દેશો કોવિડથી સંક્રમીત છે ગુજરાતમાં માર્ચ મહિનાથી તેના સંક્રમણનો પ્રાંરભ થયો. આ વાયરસ તમામ દેશો અને આપણા સૌના માટે નવો છે. તેની આજની તારીખે કોઈ રસી કે દવા શોધી શકાઈ નથી વળી આ વારસસ અંગેનુ પુરતું નક્કર જ્ઞાન ન હોય પ્રત્યેક દેશ પોતાની રીતે તેની સામે લડતની વ્યુહરચના કરે છે.

કોરોના બાબતે આ તબક્કે હજુ કોઈ પણ સ્થાયી ઉકેલ મેળવી શકાયો નથી. આ રોગના લક્ષણો ફેફસામાં લાગ્યા બાદ શરીરમાં સાયટોકાઈન સ્ટ્રોમ , બ્લડ ક્લોટ તેમજ વાસ્ક્યુલર સિસ્ટમમાં થતી અસરને લીધે જે દર્દોઓ પહેલેથી જ નબળી રોગ-પ્રતિકારક શક્તિ ધરાવે છે તેને ઉચીત સમયે જો

● અનુસંધાન પાન-૭ પર

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT Turning Dreams into Concrete Reality
KisaN ®
ashirvad
Jaquar experience bathing
DR. FIXIT
TATA STEEL • PIPES • SHEETS
ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૩૨૨
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી. એન્જીનીયરીંગ એસ્ટેટ, સેક્ટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ, હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૯૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com